છઠ્ઠા પગાર પંચ અન્વયે મળવાપાત્ર પેન્શનર / કુટુંબ પેન્શનરને વર્ષ ૨૦૧૨–૧૩માં ચુકવવાપાત્ર ચોથા હપ્તાની રકમ રોકડમાં ચુકવવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક : પશન–૧૦૨૦૧૧–૧૪૧૭–(૬૬૨/૨૦૧૨)–પી.
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૫–૦૫–૨૦૧૨

વંચાણે લીધા :

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : પીજીઆર–૧૦૨૦૦૯–૪–પે સેલ, (મ) તા. ૧૩–૦૪–૨૦૦૯

(૨) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : પશન–૧૦૨૦૧૧–૧૪૧૭–પી, તા. ૦૬–૧૦–૨૦૧૧

ઠરાવ :

છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયે રાજયના પેન્શનર / કુટુંબ પેન્શનરોને નાણાં વિભાગના વંચાણમાં લીધેલ ક્રમ–૧ ઉપરના ઠરાવ અન્વયે તા. ૦૧–૦૧–૨૦૦૬થી મળવાપાત્ર તફાવતની રકમને પાંચ સરખા હપ્તામાં ચુકવવાનો નિર્ણય કરેલ છે. જે પૈકી વંચાણમાં લીધેલ ક્રમ–૨ અન્વયે ત્રીજા હપ્તાનું ચુકવણું થયેલ છે. સને ૨૦૧૨–૧૩ના વર્ષ દરમ્યાન ચુકવવાપાત્ર ચોથો હપ્તો ચુકવવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ ચોથા હપ્તાની ઉપરોકત રકમ રોકડમાં ચુકવવાનો નિર્ણય કરેલ છે. જે અંગેની શરતો અગાઉના સંબંધિત ઠરાવો મુજબની રહેશે.

૨. આ નિર્ણય સંદર્ભે નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ અને પેન્શન ચુકવણા અધિકારી, (પી.પી.ઓ.) અમદાવાદ દ્વારા જરૂરી કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/–
(શૈલજા પટેલ)
સંયુકત સચિવ (પેન્શન)
નાણા વિભાગ

---

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/ ૬૪૮૭–૬૫૪૫ /૧૨

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક વિભાગ
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
તારીખ: ૧૮ / ૦૫ / ૨૦૧૨.

નોંધ:– ઉપરોકત ઠરાવ યુનિવર્સિટીમાં અમલ માટે પરિપત્રિત કરવામાં આવે છે.

<u>નકલ સવિનય રવાના:</u>
૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ
૨: કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.

<u>નકલ રવાના:</u>
૧: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ
૨: વહીવટી વ હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.
૩: હિસાબી અધિકારીશ્રી (પી.એફ.) અત્રેની કચેરીમાં
૪: હિસાબી અધિકારી(કેશ), નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.
૫: હિસાબી અધિકારી,સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ) ની કચેરી, કપાસ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, અઠવા લાઈન્સ,સુરત.
૬: હિસાબ નિયામક વિભાગની તમામ શાખાઓ
૭: ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઓનલાઈન ફોરવર્ડ કરવા માટે...

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક